કવિ સહજસુન્દરકૃત

# ગુણરત્નાકરછંદ

*ડૉ. કાન્તિલાલ બી. શાહ*

જૈન સાધુકવિ સહજસુન્દર ઉપકેશગચ્છના સિદ્ધસૂરિ-ધનસારની પરંપરામાં રત્નસમુદ્ર ઉપાધ્યાયના શિષ્ય. એમણે રચેલ નાનીમોટી કૃતિઓની સંખ્યા ૨૫ જેટલી થવા જાય છે. એ કૃતિઓમાંની કેટલીકમાં મળતાં રચનાવર્ષને આધારે કવિ સહજસુન્દરનો જીવનકાળ ૧૬મી સદીનો પૂર્વાર્ધ હોવાનું નિશ્ચિત કરી શકાય છે. એમની રચનાઓમાં રાસ, છંદ, સંવાદ, સ્તવન, સજ્ઝાય વગેરે પદ્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે.

ઋષિદત્તા મહાસતી રાસ, જંબૂસ્વામી અંતરંગરાસ, આત્મરાજ રાસ, પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ, તેતલી મંત્રીનો રાસ, અમરકુમાર રાસ, ઈરિયાવહી વિચાર રાસ, પરદેશી રાજાનો રાસ, સ્થૂલિભદ્ર રાસ, શુકરાજ-સુડાસાહેલી રાસ, ગુણરત્નાકર છંદ, સરસ્વતીમાતાનો છંદ, રત્નકુમાર-રત્નસાર ચોપાઈ, આંખકાન સંવાદ, યૌવનજરાસંવાદ, તે ઉપરાંત કેટલીક સ્તવનો-સજ્ઝાયો જેવી કૃતિઓ સહજસુન્દરે રચી છે. પણ આ સૌમાં ઉત્તમ રચના કદાચ ગુણરત્નાકરછંદ જ છે. આ કૃતિ ઈ.સ. ૧૫૧૬ (સંવત ૧૫૭૨)માં રચાયેલી છે. એટલે કહી શકાય કે આ કવિનો જન્મ લગભગ ૫૦૦ વર્ષ પહેલાં થયો છે.

છેક હમણાં સુધી આ કવિની કેવળ ૩ નાની રચનાઓજ મુદ્રિત થઈ હતી. પણ તાજેતરમાં શ્રીમતી નિરંજના વોરાએ આ કવિની લગભગ ચૌદેક કૃતિઓ સંપાદિત કરેલી પ્રગટ થઈ છે. પણ એમની ઉત્તમ રચના ગુણરત્નાકરછંદ તો, એની સંખ્યાબંધ હસ્તપ્રતો ઉપલબ્ધ હોવા છતાં, હજી અપ્રકટ જ રહી છે.

ગુણરત્નાકરછંદ કૃતિનો મુખ્ય વિષય જૈન સંપ્રદાયમાં ખૂબ જાણીતા એવા સ્થૂલિભદ્ર-કોશાના કથાનકનો છે. આખી રચના કુલ ૪ અધિકારોમાં વહેંચાયેલી છે અને કુલ ૪૧૯ કડી ધરાવે છે. આખી કૃતિ વાંચતાં એક કથાત્મક કાવ્યકૃતિ તરીકે જે પાંચેક મુદ્દાઓ પરત્વે આપણું લક્ષ દોરાય છે તે મારી દૃષ્ટિએ આ પ્રમાણે છે :

૧. આ કૃતિમાં વાર્તાકથન કવિનું ગૌણ પ્રયોજન રહ્યું છે.

૨. અહીં કથન કરતાં ભાવનિરૂપણ અને વર્ણન વિશેષ ધ્યાન ખેંચે છે.

૩. કૃતિના બહિરંગની પણ કવિએ સવિશેષ માવજત કરી છે.

૪. ચારણી છટાવાળા વિવિધ છંદોને કવિએ ખૂબ લાડ લડાવીને એમાંથી ભરપૂર સંગીત ઊભું કર્યું છે.

૫. કવિનાં પાંડિત્ય અને બહુશ્રુતતા અહીં પ્રગટ થાય છે.

આ પાંચ મુદ્દાઓમાંથી આપની સમક્ષ તો, આ કૃતિમાં થયેલાં ભાવનિરૂપણ અને વર્ણન વિશે, કેટલાંક ઉદાહરણો આપીને, થોડીક વાત કરીશ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણરત્નાકરછંદ કથાત્મક કૃતિ હોઈ અહીં કથાનો દોર છે ખરો, પણ ખૂબ જ પાતળો. કથાનકને નિમિત્ત બનાવીને સહજસુન્દર કવિત્વની ખરી છોળો ઉછાળે છે તે તો એનાં અલંકૃત વર્ણનોમાં, કથા એ કવિનું મુખ્ય પ્રયોજન રહ્યું નથી.

પ્રથમ અધિકાર સરસ્વતીદેવીનું મહિમાગાન, સ્થૂલિભદ્ર-પ્રશસ્તિ અને પાડલપુર નગરીના વર્ણનમાં સમાપ્ત થાય છે.

બીજા અધિકારમાં સ્થૂલિભદ્રનો જન્મોત્સવ, બાળ સ્થૂલિભદ્રનો લાલનપાલન સાથે થતો ઉછેર, સ્થૂલિભદ્રની બાલચેષ્ટાઓ, યૌવનમાં એમની સંક્રાન્તિ અને પછી યુવાન બનેલા સ્થૂલિભદ્રનો કોશા સાથે ભોગવિલાસ - આમ એક પછી એક આવતાં વર્ણનોના પ્રવાહમાં ભાવક તણાય છે.

ત્રીજા અધિકારમાં આરંભે, સ્થૂલિભદ્રના પિતા શકટાલના રાજ ખટપટથી થયેલા મૃત્યુનો તો કવિ સંક્ષિપ્ત ઉલ્લેખ જ કરે છે. કવિને વિશેષ રસ છે, રાજ્યનું તેડું આવતાં સ્થૂલિભદ્ર માનસિક વિમાસણના ચિત્રાલેખનમાં. સ્થૂલિભદ્રનો વૈરાગ્ય, કોશાનો પીંખાયેલો મનમાળો, એની સાથે વિરહદશા - આ વર્ણનોમાં ત્રીજો અધિકાર રોકાય છે.

ચોથો અધિકાર ચોમાસુ ગાળવા આવેલા સ્થૂલિભદ્રનું મન રીઝવવા માટે કોશાના પ્રયાસોના ચિત્ર વર્ણનમાં રોકાય છે. છેવટે સ્થૂલિભદ્રનો કોશાને બોધ અને કોશાનું હૃદય પરિવર્તન - ત્યાં કૃતિ સમાપ્ત થાય છે.

આંતરપ્રાસ, અન્ત્યાનુપ્રાસ, શબ્દાલંકાર, ઝડઝમક, સ્વાનુસારી શબ્દપ્રયોજના, ચારણી છટાવાળો લયહિલ્લોળ અને ક્વચિત્ કંઠ્ય-વાદ્ય સંગીતની સૂરાવલી-આ બધામાંથી એક વિશિષ્ટ નાદસંગીત નીપજે છે. કેટલાંક વર્ણનો અહીં સંગીતબદ્ધ બની આપણને વિશિષ્ટ લયપ્રવાહમાં ખેંચી જાય છે.

પ્રથમ અધિકારમાં સરસ્વતીની પ્રશસ્તિ સાંભળશો :

ઘમઘમ ઘૂઘર ઘમઘમ કંતય, ઝંઝર રિમઝિમ રણરણકંતય,
કરિ ચૂડિ રણકંતિ કિ દિખઈ, તુહ સિંગાર કીઉં સહ ઊપઈ.

કવિ સ્થૂલિભદ્રની પ્રશસ્તિ આ શબ્દોમાં કરે છે :

ગુણરોલ લોલ કલોલ કીરતિ ચપલ ચિહું દિસ હિંસએ,
ઝલહલઈ સિરિ સુહ ઝાંણ, સીકરિ શીલભૂષાણ દીસએ.

પાટલીપુત્ર નગરીનું વર્ણન ચિત્રાત્મક બન્યું છે. પાડલપુરનાં પ્રજાજનો, એની પૌષધશાળાઓ અને ધર્મશાળાઓ, બાગબગીચા, વાવસરોવરકૂપ આદિ જળાશયો, એના રાજવી અને મંત્રી - આ બધી વિગતોને સમાવી લેતું પ્રાસયુકત નગરવર્ણન કવિએ કર્યું છે. એમાં કયાંક કયાંક કવિ શબ્દચાતુરીભર્યા યમકપ્રયોગ પણ કરે છે :

મોટે મંદિર બહૂ કોરણીઆં, નયણિ ન દીસઈ તિહાં કો રણીઆં,
સૂર વહઈ નિતુ કરી કોદંડહ, કહ તીરઈ નવિ દેહ કો દંડહ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલ ખીઈ બઈસઈ નરપાલા, હીંડઈ એક વલી નર પાલા

બીજા અધિકારનો આરંભ કવિ સ્થૂલિભદ્રના જન્મોત્સવથી કરે છે :

પંચ શબ્દ વાજઈ વલિ ઢોલહ, મૃગનયણી મંગલ મુખિ બોલહ.
દૂહા ગીત ભણઈ ગુણગાથા, કુંકમ કેસરના દ્યઈ હાથા,
નવનવ નારિ વધાવઈ કોડે, રોપઈ કેલિ મનોહર ટોડે.

પણ પછી તો જન્મોત્સવનું આખું ચિત્ર સંગીતમાં સંક્રમે છે :

ધાણ ગજજઈ જિમ કીરય સુવદ્દલ, વજજઈ ધધિકિટ દ્રેંકટ મદ્દલ,
ચચપટ ચચપટ તાલ તરંગા, થોંગિનિ તિથુંગ નિરાકટ થૌંગા.
તાથોંગિનિ તાથોંગિનિ તિધુગિનિ તિધુગિનિ,
સિરિગમ મપધમિ સુસર સરં,
નીસાણ કિ દ્રમકિત દ્રમદ્રમ
દ્રહકંતિ દ્રહદ્રહ દ્રહુકાર કરં,
ઝલ્લરિ ઝાણઝાણકંતિ, ભેરિ ભણકંતિ
ભૌં ભૌં ભૂંગલ ભરહરયં,
ઘૂઘર ઘમઘમકંતિ, રણાણરાણકંતિ,
સસબદ સંગિતિ સદ્દવરં,

બાલ સ્થૂલિભદ્ર પ્રત્યે માતાપિતાનું વાતસલ્ય જુઓ :

લાલઈ પાલઈ નઈ સંસાલઈ, સુત સાહાંમઉં વલિ વલિ નિહાલઈ.

આમાં 'લ' વર્ણનો પ્રયોગ અને ક્રિયાપદોમાંના અઈનાં ઉચ્ચારણોનાં થતાં પુનરાવર્તનોમાંથી ઝરતું નાદસૌંદર્ય કર્ણપ્રિય બને છે.

સ્થૂલિભદ્રની બાલસહજ ચેષ્ટાઓના વર્ણનમાં ચિત્ર અને સંગતની જુગલબંધી જોઈ શકાશે :

લીલા લટકંતઉ, કર ઝટકંતઉ, ક્ષણિ ચટકંતઉ, વિલખંતઉ,
પુહવી તલિ પડતઉ, પુત્ર આખડતઉ, ન રહઈ રડતઉ, ઠણકંતઉ

યુવાન સ્થૂલિભદ્રને આવતા જોઈને કોશાને પહેલાં તો એને ઠગવાનો, ધૂતકારવાનો ભાવ જાગે છે. તે વિચારે છે :

ગાઢા ધૂરત મઈ ઠગ્યા, છોકર છલ્યા છયલ્લ,
ધોરીકા ધૂરિ પેતરું, હવઈ એ કરું બયલ્લ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધાત ખરી જઉ લાગસ્યઈ, તઉ છોડવસ્યઉ દ્રાંમ

આ ક્ષણ સુધી તો કોશા કોઈપણ પુરુષનો સંગ કરનારી ગણિકા માત્ર છે. પણ પછી સ્થૂલિભદ્રને નજીકથી નિહાળીને પોતે એનાથી પ્રભાવિત બની જાય છે. કવિ એનું આ ભાવપરિવર્તન આ રીતે નોંધે છે :

પહિલઉ ઠગવિદ્યા હુંતી, દીઠઉ થયઉ સ-ભાવ,
સાંહમૂં લાગી ઝૂરિવા, જલ વિણ જિસ્યઉ તલાવ.

ભ્રૂભંગિ ભાવઈ જગ ભોલત્યઉ, છલ્યા લોક છંદા કરી,
શ્રી થૂલિભદ્ર પેખી કરી થઈ વિશે તે કિંકરી

અત્યાર સુધી પોતાના ભ્રૂભંગથી જગતને ભોળવનારી ને લોકને છળનારી કોશા સ્થૂલિભદ્રને જોઈને એમની કિંકરી-દાસી બની ગઈ.

તે વિચારે છે : હવે ઉડાઉડ કેમ હાથિ પોપટ બઈટ્ઠઉ

આંગણે બેઠેલા પોપટને હવે હાથે કરીને કેમ ઉડાડી મૂકું ?

પછી તો શૃંગારનિરૂપણ ઘેરો રંગ ધારણ કરે છે. કોશાનું દેહસૌંદર્ય, એનાં વસ્ત્રાભૂષણો, અને એના પ્રપંચી હાવભાવનાં વર્ણનોમાં કવિ ભાવકને ઘસડી જાય છે.

મયમત્તા મયગલ જિસ્યા થણહર સૂર સુભટ્ટ,
પેખી નર પાછા પડઈ, મેહલઈ માન મરટ્ટ.

સુવન્ન દેહ રૂપરેહ, કાંમગેહ ગજ્જએ,
ઉરત્થ હાર, હીર ચીર, કંચુકી વિરજ્જએ,

કટક્કિ લંકિ ઝીણ વંક અગ્ગિ ખગ્ગિ ક્રુમ્મએ
પયોહરાણ પકિખ પકિખ લોક લકખ ઘુમ્મએ

અન્નંગરંગ અંગ અંગ કોસિ વેસિ દકખએ,
કડકખ ચકખ તીર તિકખ તિકિખ તિકિખ મુક્કએ

નીચેની કડીમાં કોશાને સરોવરના રૂપકથી કવિ વર્ણવે છે :

નારિસરોવર સબલ સકલ મુખકમલ મનોહર,
ભમુહ ભમહિ રણઝણતિ, નયનયુગ મીન સહોદર,

પ્રેમ તણઉ જલ બહુલ, વયણ રસલહિરિ લલત્તિ,
કબરી જલસંવાલ, પાલિ યૌવન મયમત્તિ,

નવ ચક્કવાક થણહરયુગલ, કરઈ રંગ રામતિ રમતિ,
શ્રી સ્થૂલિભદ્ર ઝિલ્લઈ તિહાં, રમઈ હંસહંસી જમતિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં કોશા સરોવર, મુખ કમળ, આંખો મીનદ્વય, પ્રેમ જલ, વાણી રસલહરી, કેશકલાપ જલશેવાળ, યૌવન સરોવરપાળ, સ્તનયુગ્મ ચક્રવાકયુગલ તરીકે વર્ણવાયાં છે.

'નારિ સરોવર સબલ સકલ મુખકમલ મનોહર' આ પંક્તિમાં 'સ' અને 'મ' શ્રુતિનાં આવર્તનો અને સબલ, સકલ, કમલનો શબ્દાનુપ્રાસ વિશિષ્ટ ઝડઝમક ઊભી કરે છે. લલિતકોમલકાંત પદાવલિનો અનુભવ અહીં થાય છે.

પછી તો કોશાના શૃંગારી હાવભાવ અને કામક્રીડાનાં કેટલાંક વ્યંજનાપૂર્ણ વર્ણનો ચાલે છે. એક ઉદાહરણ :

પોપટ દ્રાખ તણઉ રસ ઘૂંટઈ, પાસિ પડી સૂડી નવિ છૂટઈ,
દોઈકર પાખર બંધન ભીડઈ, આંકસ નખ દેઈ તન પીડઈ.

વેશ્યાનો સ્નેહ કદી એક વ્યક્તિનિષ્ઠ હોતો નથી, પણ સ્વાર્થવૃત્તિવાળો હોય છે, અને અનેકની સાથે એ કેવું કૂડકપટ કરે છે એ વાત કહેવા કવિએ જે કલ્પનાચિત્ર રજૂ કર્યું છે એ કાવ્યાત્મક છે. આ કલ્પનાચિત્ર મને વિરલ લાગ્યું છે અને બીજે ક્યાંય વાંચ્યાનું જાણમાં નથી.

સૂરિજ જળ અત્થમઈ કેશ તિમ મૂંકી રોઈ,
જળ વેલા જેહની, તામ તેહ સ્યઉં મન મોહઈ,

ફુલ્લ તાર સિરિ ધલ્લિ, રમઈ તે ચંદા સાથઈ,
સૂર સમઈ જાણેવિ ફુલ્લ પણિ નાંખઈ હાથઈ,
ઈમ રયણિ કૂડ બિહુંસ્યઈ કરઈ, વેશિ કહીં સાચી નઉ હઈ.

અહીં સહજસુન્દર કવિ વેશ્યાને રજની સાથે સરખાવીને કહે છે કે જ્યારે સૂરજ આથમે છે ત્યારે રાત્રિ કેશ છૂટા મૂકીને (અંધકાર માટેનું કલ્પન) રુદન કરે છે. પણ પછી, જેવી જેની વેળા, તે પ્રમાણે તેની સાથે મન લગાડે છે. રાત્રિ તારા રૂપી ફૂલો માથામાં ખોસીને (શૃંગાર સજીને) ચંદ્ર સાથે રમત માંડે છે. પછી પાછો સૂર્યને આવવાનો સમય જાણીને માથામાંથી ફૂલો પોતાને હાથે નાંખી દે છે. (દિવસ ઊગતાં તારા અસ્ત પામે છે તે માટેનું કલ્પન) આમ રાત્રિ બન્નેની સાથે (સૂર્ય અને ચંદ્રની સાથે) કૂડકપટ કરે છે. એ જ રીતે વેશ્યા કદી સાચી હોય નહીં.

ત્રીજા અધિકારમાં રાજ્યનું નિમંત્રણ આવતાં સ્થૂલિભદ્રની વિમાસણ બળદના ઉપમાનથી કવિએ ચિત્રિત કરી છે.

જે હીંડવઉ મોકલવરઈ, માથઈ ન પડ્યું ભાર,
તે ધોરિ ધુરિ જોતરઈ, ધૂંણઈ સીસ અપાર.

જે બળદ મોકળો-મુક્ત ફર્યો હોય, માથે કોઈ ભાર ન પડ્યો હોય, તેને ધૂંસરી સાથે જોતરવામાં આવે ત્યારે તેનું મસ્તક ધુણાવીને કેવો આગગમો-વિરોધ પ્રગટ કરે છે. એવી જ સ્થિતિ સ્થૂલિભદ્રની છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજદરબારે જતા સ્થૂલિભદ્રનો વિયોગ કોશાને શી રીતે સહ્ય બને ? એની કાકલૂદીનું ચિત્ર જુઓ :

જિમ જિમ પ્રીઉ પગલાં ભરઈ, તિમ તિમ અધિક રડંતિ,
આગલિ પાછલિ ઊતરી, પ્રીઉ પાલવ ઝાંલંતિ.

કોશાના વિરહ ભાવના નિરૂપણો અત્યંત ચિત્રાત્મક આલંકારિક, કલ્પનાસમૃદ્ધ, ઝડઝમક પ્રચુર અને ક્વચિત્ શબ્દ શ્લેષયુક્ત બન્યાં છે :

ક્ષણિ બાહિરિ ક્ષણિ ઊભી તડકઈ, રીસભરી સહીઅર સ્યઉં તડકઈ
હારદોર દીસઈ નવિ ગલઈ એ, ભોજન મુખિ સરસ નવિ ગલઈ એ !
ભમરીની પરિ પીઉ ગુણ ગણતી, કરિ ચૂડી નાંખઈ ગુણગણતી.

કોશાનો હૃદયચિત્કાર જુઓ :

મનપંખી માલુ કરઈ, રહિતું ઘણઉં સદૈવ,
તે માલઉ તુઝ ભાંજતાં, દયા ન આવી દૈવ.

ચોથા અધિકારમાં પલટાયેલી પરિસ્થિતિનું આલેખન છે. સાધુ બનેલા સ્થૂલિભદ્ર કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવા આવ્યા છે. સ્થૂલિભદ્રનું મન રીઝવવા કોશાના પ્રયાસોનું વર્ણન શૃંગારરસિક, પ્રાસાનુપ્રાસયુક્ત અને નાદસૌંદર્યથી સભર બન્યું છે.

નાચઈ નાચ કરી સિંગારહ ધિધિકર દ્રંકરના ધોંકારહ,
ચોલઈ ચીર કસી કરિ ચરણા, ધમકાવઈ ઝમકાવઈ ચરણા.

કોશા વેશ્યા રમણિ, કેલિ જઈસા નમણિ, હંસલીલા ગમણિ, ચતુર
ચંપકવરણિ,
ઘૂમઈ ઘૂઘર પાણિ જમલિ ઝઝર ઝણણિ, નાચઈ ખેલઈ તરણિ,
ધસઈ ધડહડઈ ધરણિ,
વલીવલી લાગઈ ચરણિ, ચવઈબોલ મીંઠા વયણિ, ગુણવેધ ભેદ દાખઈ
ધરણિ, પ્રાણનાથ તોરઈ શરણિ.

આ કૃતિમાં ચારણી છંદોની લયછટા, કવિનું પાંડિત્ય, બોધતત્ત્વને પણ મળતું કાવ્યરૂપ, કવિની ભાષા-શૈલી વગેરે અન્ય મુદ્દાઓ વિશે પણ ઘણું કહી શકાય એમ છે, પણ અહીં કાવ્યમાં થયેલું કેટલુંક ભાવનિરૂપણ અને અલંકરણ-તે વિશે કેટલાંક મહત્ત્વનાં ઉદાહરણો આપવાનું જ પર્યાપ્ત ગણ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org